# જાહેરાત

## સંકલિત બાળ વિકાસ યોજના (ICDS) અંતર્ગત આઇ.સી.ડી.એસ. શાખા, મહાનગરપાલિકા જુનાગઢ દ્વારા કાર્યરત જુનાગઢ મહાનગરપાલિકાના આંગણવાડી કાર્યકર /તેડાગરની જગ્યાઓ અંગે ઓનલાઇન ભરતી માટેની જાહેરાત

## સને : ૨૦૨૩-૨૪

આઇ.સી.ડી.એસ. શાખા, મહાનગરપાલિકા જુનાગઢ હસ્તકના ઘટકોની આંગણવાડી કેન્દ્રોમાં આંગણવાડી કાર્યકર /તેડાગરની માનદવેતનથી નિમણુંક કરવાની થતી હાલની ખાલી જગ્યાઓ તથા સંભવિત ખાલી જગ્યાઓની વિગત.

(અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in)

| તાલુકા ની સખ્યા | ઘટક ની સંખ્યા | આંગણવાડી કાર્યકરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા | આંગણવાડી તેડાગરની હાલની ખાલી જગ્યા/ સંભવિત ખાલી જગ્યા |
|---|---|---|---|
| ૦૧ | ૦૧ | ૧૮ | ૨૩ |

- મહિલા ઉમેદવાર જે તે આંગણવાડી કેન્દ્ર વિસ્તારની સ્થાનિક રહેવાસી હોવી જોઇએ તથા તે અંગેની મામલતદારશ્રી દ્વારા ઇશ્યુ કરેલ જન સેવા કેન્દ્રનું નિયત નમુનાનું પ્રમાણપત્ર જ માન્ય રહેશે.
- અરજી કરવાની છેલ્લી તારીખને કટ-ઓફ ડેટ ગણવામાં આવશે. અરજી કરવાની છેલ્લી તારીખે અરજદારની ઉંમર, શૈક્ષણિક લાયકાત અને અન્ય નિયત લાયકાત માટેના માપદંડ પૂર્ણ થયેલા હોવા જોઇએ.
- આંગણવાડી કાર્યકર અને તેડાગરની માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર મહિલા અરજદારની ઉમર અરજી કરવાની છેલ્લી તારીખે ૧૮ વર્ષ પૂર્ણ હોવી જોઇએ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ. અગ્રતા ધોરણે આંગણવાડી કાર્યકર તરીકે માનદસેવામાં પસંદગી માટે અરજી કરનાર તેડાગરની ઉંમર અરજી કરવાની છેલ્લી તારીખે ૪૩ વર્ષથી વધુ ન હોવી જોઇએ.
- અરજી માટે વેબસાઇટ https://e-hrms.gujarat.gov.in ઉપર દર્શાવેલ સુચનાઓ અને નિયમો વાંચીને અંગ્રેજીમાં ફોર્મ ભરવાનું રહેશે. ઓનલાઇન અરજી જાહેરાત પ્રસિદ્ધ થયાથી દિન ૨૩ માં તા.0૮/૧૧/૨0૨૩ (રાત્રે 00:00 કલાકથી શરૂ) થી તા.30/૧૧/૨0૨૩ (રાત્રે ૧૨:00 કલાક) સુધીમાં કરવાની રહેશે.
- ઓનલાઇન અરજી https://e-hrms.gujarat.gov.in વેબસાઇટમાં આપેલ વિગતો પ્રમાણે કરી શકાશે. આંગણવાડીની ખાલી જગ્યાઓમાં અરજી કરવા માટે જે તે આંગણવાડી કેન્દ્રને પસંદ કરી આગણવાડી કાર્યકર/તેડાગર માટે અરજી કરવાની રહેશે.
- આંગણવાડી કાર્યકર-૧0000/- અને આંગણવાડી તેડાગર-૫૫00/- ને મળતું માનદવેતન પ્રમાણે માનદ સેવામાં પસંદગી માટે સામાન્ય શરતો મુજબની લાયકાત, ઉંમર અને શૈક્ષણિક લાયકાત ધરાવતા ઉમેદવારોની ઓનલાઇન મેરીટ યાદી બનાવવામાં આવશે. આંગણવાડી કાર્યકર અને આંગણવાડી તેડાગરની શૈક્ષણિક લાયકાત અનુક્રમે ધોરણ ૧૨ પાસ અને ધોરણ ૧૦ પાસ છે. જો કે વધુ લાયકાત ધરાવતા ઉમેદવાર અરજી કરી શકશે. શૈક્ષણિક લાયકાત અને પ્રાપ્ત ગુણનાં ભારાંક અન્વયે મેરીટ યાદી તૈયાર થશે. ખાલી જગ્યા ભરવા માટે વિચારણા હેઠળના આંગણવાડી કેન્દ્રવાર ઓનલાઇન મેરીટ યાદી નિયત પદ્ધતિ અનુસરીને જાહેર કરવામાં આવશે.
- આ માટેની અરજી કરવાની પદ્ધતિ અને માર્ગદર્શિકા ઉપરોક્ત વેબસાઇટ ઉપર ઉપલબ્ધ છે, જે ધ્યાનપુર્વક વાંચી તથા સમજીને ઓનલાઇન આવેદન કરવાનું રહેશે. ઓનલાઇન આવેદન કરતી વખતે તમામ વિગતો નિયમાનુસાર સાચી, અપલોડ કરવામાં આવતા ડોક્યુમેન્ટ સુવાચ્ય અને નિયત નમુના અનુસારના હોવા જોઇશે. જો કોઈ પણ સ્તરે અરજદાર દ્વારા આપવામાં આવેલ વિગતો ખોટી અથવા અસ્પષ્ટ હશે તો તેઓની અરજી રદ કરવાને પાત્ર થશે અને આ અંગે કોઇ રજુઆત ધ્યાને લેવામાં આવશે નહિં જેની ખાસ નોંધ લેવી.
- વધુ માહિતી માટે જુનાગઢ કોર્પોરેશનના સંબંધિત બાળ વિકાસ યોજના અધિકારી (ICDS), રૂમ નં. ૨૦૨, સ્વામી વિવેકાનંદ ભવન, મહાનગરપાલિકા જુનાગઢનો સંપર્ક કરવો.

મ્યુનિસિપલ કમિશ્નર

મહાનગરપાલિકા જુનાગઢ